# બનાસકાંઠામાં બીપીએલ કાર્ડ ધારકોને મળતી ખાંડ અદૃશ્ય

પાલનપુર, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લામાં સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી આજ સુધી પ્રતિ કિલો રૂ. ૧૩.૫૦ના ભાવે મળતી ખાંડ બંધ કરાતા લાખો ગરીબ પરિવારોની ચા કડવી બની ગઈ છે. નાના બાળકોને દૂધ પીવડાવવા પણ હવે આ અંત્યોદય પરિવારોએ બજાર ભાવ પ્રમાણે એટલે કે પ્રતિ કિલો રૂ. ૩૫ એટલે કે ડબલ ભાવે ખરીદવા મજબૂર બનવું પડશે.

ઉપરોકત બાબતે પાલનપુર ખાતે જિલ્લા પુરવઠા વિભાગનો સંપર્ક કરતા હેડ કલાર્કે માહિતી આપી હતી કે ચાલુ માસે સરકાર તરફથી ખાંડની ફાળવણી ના કરાતા જથ્થો આવ્યો નથી. તેથી પંડિત દિનદયાલ સસ્તા અનાજની દુકાન ધારકોને પણ ફાળવી શકાયો નથી. જિલ્લા કલેકટર મહેન્દ્ર પટેલનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા તેમના પીએ એ સાહેબ અપીલની કાર્યવાહીમાં વ્યસ્ત હોવાનું જણાવ્યું હતું. રેશનકાર્ડ ધારકો જયારે રેશનીંગની દુકાનેથી ઘઉં, ચોખા કે કેરોસીન લીધા પછી ખાંડ નથી તેવો જવાબ સાંભળે એટલે એવી હૈયા વરાળ પણ ઠાલવી રહ્યા હતા કે 'ચા વાળા વડાપ્રધાન બનતા ગરીબોની ચા કડવી થઈ ગઈ.'

# પ્રાંતિજ તાલુકાના બોભા ખાતે જાતવાન બળદો ખરીદવા ખેડૂતો ઉમટ્યા

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ બોભા ખાતે દૂર દૂરથી ખેડૂતો સારી જાતના બળદની ખરીદી કરવા આવે છે. છેલ્લા ૧૭ વર્ષથી આ ગામ બળદની સારી ઓલાદ મેળવવાનું વિખ્યાત સ્થળ બન્યું છે.

આજના યંત્ર યુગમાં પણ ગુજરાતના મોટાભાગના ખેડૂતો હજુએ બળદ દ્વારા ખેતી કરી રહ્યા છે. આ માટે ખેડૂતોને બળદની સારી જોડીની જરૂર પડે છે. પ્રાંતિજ તાલુકાના બોભા ગામ જ્યાં આ પ્રકારના સારી ઓલાદના બળદની જોડ મળે છે. માટે અહીં દૂર દૂરથી ખેડૂતો બળદની ખરીદી કરવા આવે છે. અહીં રાજસ્થાન, રાણીવાડા, બનાસકાંઠા અને મહેસાણા જેવા સ્થળોએથી લાવેલા સારી માલધારના સારી ઓલાદના બળદો મળી રહે છે. અને આ બળદો રૂપિયા ૩૬૦૦૦ સુધીની કિંમતે પણ વેચાય છે.

બોભા ગામે છેલ્લા ૧૭ વર્ષથી બળદનો વ્યવસાય કરતા પ્રતાપભાઈ લુહાર પાસેથી સારી ઓલાદના બળદો ખરીદવા વર્ષા ઋતુના આગમન પહેલા ખેડૂતો ઉમટી પડે છે. અહીં બળદો ખરીદવા ગુજરાતના અનેક જિલ્લાઓ તેમજ રાજસ્થાનથી પણ ખેડૂતો આવે છે. આ ખેડૂતો બળદની ઓલાદ સારી છે કે નહી તે જાણવા પૂંછડુ અને બળદોની જલ્લી પ્રસંગી કરવામાં આવે છે. હવે ચોમાસુ નજીક છે ત્યારે ચોમાસુ પાકને લઈને ખેડૂતો દૂર દૂરથી બોભા ખાતે આવી રહ્યા છે.

અસહ્ય ગરમીમાં જનજીવન અને પશુ પંખીઓ તો હેરાન છે જ સાથે વૃક્ષોને પણ પાણીની તાતી જરૂર હોય છે જો કે આપણાં શહેરમાં ઠેર ઠેર પાણી છાંટતા રહેવાસીઓ નજરે પડતા જ રહે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ઊંઝામાં ગરમીથી રહીશો ત્રાહીમામ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી સખ્ત ગરમી અને ઉકળાટને કારણે આમજનતા ભારે ત્રાસ પોકારી ઉઠી છે.

આ વર્ષે ઉનાળુ ઋતુમાં ગરમીનો પારો દિનપ્રતિદિન વકરતો જાય છે. હાલમાં આકાશમાંથી જાણે અગનવર્ષા થતી હોય તેમ સખ્ત ગરમી પડી રહી છે. જેથી દિવસ દરમિયાન ગરમીથી બચવા લોકો લીંબુ સરબત, પાણી, આઈસ્ક્રીમ, લસ્સી તેમજ ઠંડા પીણાઓનો ઉપયોગ કરી રહ્યા છે. અસહ્ય ગરમીમાં બપોરના સમયે મોટાભાગે લોકો હાઈવે પર એસટી. બસો સિવાય અન્ય વાહનોની અવરજવર પણ ઓછી જણાય છે.

પશુ પક્ષીઓ ગરમીથી બચવા માટે છાંયડાનો આશરે લે છે. આમાં કુતરાં, ભેંસ, તેમજ ચકલી, કાબર, કબુતર, હોલો જેવા પ્રાણીઓ અને પક્ષીઓની હાલત દયનીય બની જાય છે. સખ્ત ગરમીમાં જીવ ઉપકરણો જેવા કે પંખા, કુલર, એ.સી.નો વપરાશ વધી ગયો છે. હાલ આ વિસ્તારમાં અંદાજે ૪૩ થી ૪૫ ડીગ્રી સુધીના તાપમાનમાં લોકો શેકાય છે. બપોરના સમયે આકાશમાંથી આગ ઝરતી લૂ લાગવાના કિસ્સાઓ વધતા જાય છે.

## પોલીસ મથકોમાં સીસીટીવી લગાવવાની અરજીમાં મુદત

રાજ્યભરના પોલીસ મથકોમાં કસ્ટોડિયલ ડેથની સમસ્યા નિવારવા ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજીમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને પ્રોગ્રેસ રિપોર્ટ સાથે જવાબ રજુ કરવા હુકમ કર્યો હતો જેમાં રાજ્ય સરકારે આ સંદર્ભેજવાબ આપવા માટે સમય માંગતા અરજીમાં મુદત પડી છે હવે અરજીની વધુ સુનાવણી આગામી ૧૮મી જૂને નિયત કરી છે. રાજ્યના જુદા-જુદા પોલીસ મથકોમાં પોલીસના ટોર્ચરથી કસ્ટડીમાં સંખ્યાબંધ આરોપીઓના થયેલા મોત સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી થઈ હતી. જાહેરહિતની અરજીમાં કસ્ટોડિયલ ડેથ અટકાવવા રાજ્યના તમામ પોલીસ મથકોમાં સીસીટીવી કેમેરા લગાવવા માંગ કરાઈ હતી. હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જેબી પારડીવાળાની બેંચ સમક્ષ આ અરજીની પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્ય સરકાર હાઈકોર્ટના આદેશના પગલે ગુજરાતભરના પોલીસ મથકોમાં સીસીટીવી કેમેરા લગાવવા સજ્જ બની છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગુજરાતના પ્રવેશ દ્વાર રાજસ્થાનથી પ્રવેશતા જ આવેલી ગુજરાતની અમીરગઢ આરટીઓ ચેકપોસ્ટ પર સોમવારે મધ્ય રાત્રિ બાદ ભ્રષ્ટાચાર લાંચની વ્યાપક ફરિયાદોને આધારે ગાંધીનગર એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે ટ્રેપ કરતા બિનહિસાબી રૂ. ૫,૭૩,૫૬૫ મળી આવતા ફરજ પરના બે આરટીઓ ઈન્સ્પેકટરો સામે કાયદેસરની કાર્યવાહી કરાતાં ખળભળાટ મચી ગયો છે. આ એન્ટી કરપ્શન બ્યુરો-ગાંધીનગર દ્વારા કરાયેલ છટકા અંગે પ્રાપ્ત વિગતોનુસાર અમીરગઢ આરટીઓ પર ઓવરલોડ વાહનોને કાયદેસરનો દંડ કર્યા વગર માત્ર ટન દીઠ રૂ. ૧૦૦ થી ૫૦૦ ભરીને બારોબાર હજારો ગાડીઓ જોડેથી લાખો રૂપિયાનો સરકારને ચૂનો ચોપડીને આરટીઓના ફોલ્ડરીયાઓ ઈન્સ્પેકટરોને કોથળા ભરી ભરી ઉપરથી નીચે સુધી કડદો અવિરત કુટાય છે તેવી ચોકકસ ખાનગી બાતમીના આધારે છટકું ગોઠવી સફળ ટ્રેપ કરી હતી. તેમાં રૂ. ૫ લાખથી વધુ બે નંબરી રકમ મળતાં આસીસ્ટન્ટ, આરટીઓ ઈન્સ્પેકટર સી.જે. રાજગોર અને આરટીઓ ઈન્સ. એચ.બી. ચૌધરી, જીઆઈએસએફ ગાર્ડ એસ.ઓ. રબારી, ઓપરેટર ઉત્કલ પટેલ, સત્યમ પરમાર, એજન્ટ માનસિંહ બકુ વિરૂધ્ધ ગુનો નોંધીને એસીબી ઈન્સ. પીએસઆઈ સી.કે. પટેલ, હિંમતનગર એસીબી-પીઆઈ જી.આર. વાઘેલાની ટીમે તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા શહેરમાં વિજકાપથી જનતા પરેશાન

ખેડબ્રહ્મા શહેરમાં મંગળવારના રોજ ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા વિજ કાપ કરવામાં આવ્યો હતો. જેને લઈ શહેરની જનતા પરેશાન થઈ ગઈ હતી. ચોમાસાની શરૂઆત પહેલા ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા ઢીલા પડી ગયેલા વિજ વાયર દુરસ્ત કરવા અને વધી ગયેલા ઝાડ-પાન દૂર કરવા માટે મંગળવારના રોજ વિજકાપ મુકી સર્વિસ કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેનેલઈ સવારે ૮ વાગ્યેથી જ લાઈટોબંધ કરી દેવામાં આવી હતી. જેને લઈ શહેરીજનોગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. લોકો રીતસર પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. વેપારીઓને તો વગર લાઈટે રજા રાખવાની દુકાનો ખુલી રાખી રજા જેવો માહોલનો સામનો કરવો પડ્યો હતો.

## લાંબડીયાની પારસ વિદ્યાલયના છાત્રાલયમાં તસ્કરો ત્રાટકયા

પોશીના તાલુકાના લાંબડીયાની પારસ વિદ્યાલયના છાત્રાલયમાં ગત શુકવાની રાત્રે તસ્કરો ત્રાટકયા હતા અને રૂ. ૧૪૫૦૦ની માલમત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે. લાંબડીયાની આર.એ. મહેતા પારસ વિદ્યાલયના પારસકુમાર છાત્રાલયમાં તા. ૬ઠ્ઠી જૂનની રાત્રે અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી રૂમનું તાળુ-નકુચા તોડી રૂમમાં રાખેલા જૂના પંખા નંગ-૧૫ તથા એક કોમ્પ્યુટર મળી કુલ રૂ. ૧૪૫૦૦ની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

# ખેડબ્રહ્માના ભૂતિયા પાસેથી સ્વીફટ કારમાંથી વિદેશી દારૂ સાથે ત્રણ પકડાયા

ખેડબ્રહ્મા, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ભૂતિયા ગામ પાસેથી મંગળવારે રાત્રીના લોકલ કાઈમ બ્રાંચે પેટ્રોલિંગ દરમિયાન સ્વીફ્ટ કારમાંથી ૫૯ હજારના વિદેશી દારૂ સાથે ત્રણને પકડી પાડ્યા હતા. આ અંગે ત્રણ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

વિગત એવી છે કે જિલ્લા લોકલ કાઈમ બ્રાંચના પીએસઆઈ અર્જુન ટોલિયા અને નાથાભાઈ દેસાઈ, કૌશિકભાઈ વ્યાસ તથા સ્ટાફ મંગળવારે રાત્રીના ખેડબ્રહ્માથી મામેર માર્ગ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે રાજસ્થાનના મામેરથી ગુજરાતમાં આવતી નંબર વગરની સ્વીફ્ટકારને ખેડબ્રહ્માના ભૂતિયા ગામ પાસે ઉભી રાખી તેમાં તપાસ કરતા વિદેશી દારૂ અને બીયરની મળી કુલ ૨૨ પેટીઓ અને છુટી ૨૧ સાથે ૫૨૫ બોટલો રૂ. ૫૯ હજાર ૧૦૦ની મળી આવી હતી.

જેથી પોલીસે ૫ લાખની સ્વીફ્ટ કાર, રોકડ રૂ. ૮૧૦, એક મોબાઈલ મળી કુલ રૂ. ૫ લાખ ૬૦ હજાર ૪૧૦નો કબજે લઈ વડાલી શાંતિનગર સોસાયટીમાં રહેતા મેહુલ શંકરલાલ વ્યાસ, બનાસકાંઠાના દાંતા તાલુકાના અંબાજીમાં માનસરોવર પાસે બ્રહ્મપુરીમાં રહેતા ભગવાનભાઈ ડાહ્યાભાઈ રાવળ, ખેડબ્રહ્માના ભક્તિનગર સોસાયટીમાં રહેતા ચિરાગ બીપીનભાઈ ઉપાધ્યાયને પકડી પાડ્યા હતા અને રાજસ્થાનના મામેરના નાથુલાલ ખાટીક સહીત ચાર વિરૂદ્ધ એલસીબીના કૌશિક વ્યાસની ફરિયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ ખેડબ્રહ્મા પોલીસે હાથ ધરી હતી.

## વોશ એરિયા બનાવવા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કે કેમ તેની ચકાસણી કરી સમિતિના સભ્યો પાસેથી અભિ-નય મેળવવા પણ જણાવ્યું હતું. વધુમાં તેઓશ્રીએ ચિલોડા - નરોડા માર્ગ પર થતાં અકસ્માતોના બનાવોની માત્રા ઘટાડવા માટે આ માર્ગને સીકસ લેન બનાવવા માટેની રજુઆત અંગે યોગ્ય કરવા માટે પણ જિલ્લા તંત્રને જણાવ્યું હતું. તેમજ ઉભા પાકને નુકસાન પહોચાડતા રોઝ કે અન્ય -ાણીઓથી ખેડૂતોના પાકને બચાવવા માટે કોમ્યુનિટી ફેન્સિંગની યોજના હેઠળ ખેતરોમાં ફેન્સિંગ કરવા વન વિભાગના અધિકારીશ્રીને સૂચવ્યું હતું. ચોમાસામાં રોગચાળો ન થાય તે માટે પાણીની પાઈપ લાઈન અને ગટરની પાઈપ લાઈનની યોગ્ય ચકાસણી કરી લેવા અને પાણીના નમુનાના સેમ્પલ લઈ ચકાસણી કરવાની વાત પર ખાસ ભાર મુક્યો હતો. મેલેરિયા, ઝાડાઉલટીના કેસોની માત્રા ઘડાડવા માટે જયાં પાણીનો ભરાવો થતો હોય, મચ્છર ઉત્પત્તિ થતી હોય ત્યાં યોગ્ય કામગીરી કરવાની વાત પર પણ ભાર મુક્યો હતો.

## હોટલ માલિકોને નોટીસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આવતાં હોટલ માલિકોને નોટીસ આપી છે. આ નોટીસોને પગલે હોટલ માલિકોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

આ ઉપરાંત તંત્રની સઘન તપાસ દરમ્યાન ત્રણ જેટલા પાણીના લીકેજીસ પણ મળી આવતાં તે તાત્કાલિક દુરસ્ત કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર નજીકનું અડાલજ ગામ એ પ્રવાસીઓ માટેનું પણ જાણીતુ સ્થળ હોવાથી તંત્ર કોઈ જ કચાશ રાખવાના મૂડમાં નથી. તંત્રએ હવે આ વિસ્તારમાં સ્વચ્છતા માટે પણ વિશેષ અભિયાન છેડવા માટે પંચાયતને જણાવી દીધાનું જાણવા મળેલ છે.

સાદા ઝાડાના નોંધાયેલા કેસો માટે ગરમીનો પ્રકોપ વધારે જવાબદાર હોવાનું આરોગ્ય સત્તાવાળાઓ સ્પષ્ટ રીતે માની રહ્યા છે.

## શબ્દાવલી - ૫૪૧૬



### આડી ચાવી

૧. લાપરવા, પરવાના હોય તેવા (૪)
૫. જય, સફળતા (૩)
૮. મસ્તીમાં મસ્ત (૪)
૯. કાગળ (૩)
૧૦. સ્તર, પડ (૨)
૧૧. મક્કાની યાત્રા (૨)
૧૩. ગુપ, છાના (૨)
૧૪. જીવ, બારાત (૨)
૧૫. નશીબ, ભાગ્ય (૨)
૧૭. ટકલુ, મુંડન કરાવેલ (૨)
૧૮. કાંસી જોડા કે કસાબ જેવું વાદ્ય (૩)
૧૯. સબકા માલિક... હૈ (ની સંખ્યા)
૨૧. 'મદિરા' શબ્દ આડોઅવળો (૩)
૨૨. ઝાટકી કાઢવું (૪)
૨૪. તમાલનું પાંદડું (૫)

### ઊભી ચાવી

૧. નિર્દોષ, ગુનેગાર ન હોય તેવું (૪)
૨. પળ (૨)
૩. એક કંદ (૩)
૪. રંગ, કલર (૨)
૫. વિકૃતિ, કામ-ક્રોધ-લોભ વગેરે (૩)
૬. પાણી જેનાથી પીરસાય તે પાત્ર (૨)
૭. યજ્ઞ કરનાર, આશ્રય આપનાર (૪)
૧૦. ઝાપટ (૩)
૧૨. એક શરબત (૪)
૧૬. જાદુ, કળા (૪)
૧૮. હિન્દુનું ધર્મસ્થાન (૩)
૧૯. એકઠા થવું (૩)
૨૦. નાનું કણ, કરચ (૨)
૨૨. પકડ (૨)
૨૩. ટપકવાનો અવાજ (૨)

### શબ્દાવલી ૫૪૧૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉદધિ (૩) અપરાધ (૭) દમ (૮) અનરાધાર (૯) ધાક (૧૦) કાબર (૧૧) લીન (૧૩) નશ્વર (૧૬) અંજામ (૧૭) સુરાલય (૧૯) બરફ (૨૦) શોરગુલ (૨૩) ફીદ્ય (૨૪) ફાટ

**ઊભી ચાવી :-** (૧) ઉદ્ઘાટન (૨) દમક (૩) અનબન (૪) પરાર (૫) રાધા (૬) ધરતી (૮) અકાલી (૧૨) પ્રજા (૧૪) શ્વસુર (૧૫) રરાફ (૧૮) યશોદા (૧૯) બચી (૨૧) ગુફા (૨૨) લટ

## દિવાલ બનાવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સુંદર પ્લાન્ટેશન, લાઈટીગ અને હરિયાળી લોન વચ્ચે આ વિસ્તાર સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. જો કે વર્ષના અંતે પણ તળાવ ખાલી રહેતા હજુ આગામી ચોમાસાના અંતે તેમાં પાણી ભરાય તેવી આશા સેવાઈ રહી છે. જયારે તળાવને અનુલક્ષી સહેલાણીઓ માટે નિર્માણ કરાયેલી ફૂડ કોર્ટના સ્ટોલ્સ પણ હજુ સુધી કોઈને ફાળવવામાં આવ્યા નથી. આ મામલે તંત્ર કક્ષાએથી વિભાગને સુપ્રત કરાયેલી દરખાસ્ત લાંબા સમયથી પેન્ડીગ છે. તળાવ નિર્માણની યોજનાને વર્ષો વીતી ગયા આમ છતાં વસ્ત્રાપુર લેકની પેટર્ન મુજબ તળાવને પીકનીક સ્પોટ બનાવવાના મામલે હજુ ઘણું બધું ખૂટતું હોવાનો સુર ઠવા પામ્યો છે. આ દરમિયાન તળાવ વિસ્તારમાં ગંદકી ઉદભવતી હોવાની બુમરાણ પણ ઠવા પામી છે. તળાવ અને આસપાસના વોકવે વિસ્તારમાં ગંદકી કે કચરો ન થાય તે માટે તંત્ર દ્વારા તળાવ ફરતે આર.સી.સી. વોલ બનાવવાનો નિર્ણય લેવાયો છે. જેના પરિણામે ગંદકીની સમસ્યા હલ થશે. આ ઉપરાંત વરસાદી પાણીથી માટીનું ધોવાણ થતું પણ અટકશે.

## શાળા પ્રવેશોત્સવમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તાલુકાના નભોઈ, સુઘડ અને અમીયાપુર અને તા. ૧૪મીના રોજ કલોલ તાલુકાના હિંમતપુરા, વેડા, પલિયડ, ખોરજ અને ભાઉપુરા ગામની શાળાઓના બાળકોની પ્રવેશવિદ્યી સંપન્ન કરાવશે. તેમજ તા. ૧૩મી જૂનના રોજ ભારત સરકારના માનવ સંશાદ્યન વિકાસ મંત્રાલયના મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની ગાંધીનગર તાલુકાના કુડાસણ (ભાઈજીપુરા) ગામની શાળામાં બાળકોને ચંદન તિલક કરીને પ્રવેશવિદ્યી સંપન્ન કરાવશે. તેઓશ્રી ગુજરાત સરકારના આ શિક્ષણ મહાઉત્સવની ઉજવણી, આયોજન, તેનાથી આવેલી સમાજજાગૃતિ, તેનાં ફળદાયી પરિણામો, પ્રાથમિક શિક્ષણને અગ્રતા જેવા વિવિદ્ય પાસાંઓ અંગે પણ માહિતી મેળવશે. નાણાં અને ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તા. ૧૩મી જૂનના રોજ ગાંધીનગર તાલુકાના શાહપુર, રતનપુર, લવારપુર, પ્રાંતિયા અને રામપુરા અને તા. ૧૪મી જૂનના રોજ માણસા તાલુકાના કૃષ્ણનગર (દેલવાડ), ઘનશ્યામનગર, અંબોડ, આનંદપુરા અને ઈશ્વપુરા ગામની શાળા અને આંગણવાડીના બાળકોને ઉષ્માભેર આવકારી પ્રવેશ કરાવશે. આ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર તાલુકાના વિવિદ્ય ગામોની શાળાઓના બાળકોને નાણાં વિભાગના અગ્ર સિચવ શ્રી એસ. અપર્ણા અને અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયા, બાંધકામ વિભાગના અગ્ર સચિવ શ્રી અનિલ મુક્મિ, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી સંગિતા સિંગ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી બી. બી. સ્વૈન, ટેકનીકલ એજયુકેશનના કમિશનર શ્રી ડૉ. જયંતિ એસ. રવિ, સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી શ્રીનિવાસ કટિકીટબાલા, ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડના ચેરમેન શ્રી આર.આર.વરસાણી, સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર શ્રી મુકેશકુમાર, સામાન્ય વહીવટ ( એનઆરઆઈ એન્ડ આર્ટ) વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, એડિશનલ કમિશનર ઓફ ઈન્ડિસ્ટ્રીઝ, ગાંધીનગરના શ્રીમતી વિ-ા ભાલ ચંદન તિલક કરીને બાળકોની પ્રવેશવિદ્યી સંપન્ન કરાવશે. દહેગામ તાલુકાના વિવિદ્ય ગામોની શાળાઓમાં રાજય નાણાં પંચના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ગરીવાલા, સરદાર સરોવર નર્મદા નિગમના મેનેજીંગ ડાયરેકટર શ્રી ડૉ. જગદીપ નારાયણસિંગ, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોપોર્રેશન, અમદાવાદના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી મુકેશપુરી અને ગુજરાત રાજયના પીસીસીએફ એન્ડ એચઓએફએફ શ્રી રાજીવા બાળકોને ઉષ્માભર્યો આવકાર આપીને પ્રવેશવિદ્યી સંપન્ન કરાવશે. તેમજ માણસા તાલુકા અને કલોલ તાલુકાના વિવિદ્ય ગામોની શાળાઓમાં કમિશનર ઓફ કોટેજ એન્ડ રૂરલ ઈન્ડિસ્ટ્રીસ શ્રી અરૂણકુમાર એમ. સોંલકી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી એસ. જે. હૈદર અને અમદાવાદ રેન્જના ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ શ્રી આર.બી.બ્રહ્મભટ્ટ બાળકોની પ્રવેશ વિદ્યી સંપન્ન કરાવશે.

## આક્ષેપો વાહિયાત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પીડાઈને તેમના નેતા આવા બેહૂદા નિવેદનો કરી રહ્યા છે. આ બધી જ હકીકતો ગુજરાતની પ્રજા અને ખેડૂત વર્ગો સુપેરે સમજે છે તેથી કોંગ્રેસી નેતાના નિવેદનોની ભરમાળમાં ભોળવાશે નહીં જ તે તેમણે સમજી લેવું પડશે એમ પણ જાડેજાએ ઉમેર્યું છે. વિપક્ષના નેતા પાણીની હાડમારી વેઠતી બહેનો-માતાઓ માટે પાણીના ટેન્કર દોડાવવાની જે વાત કરે છે તે તો હવે ભાજપના શાસનમાં ભૂતકાળની ઘટના બની ગઈ છે તેવું સ્પષ્ટપણે જણાવતા આઈ કે જાડેજાએ ઉમેર્યું કે, કોંગ્રેસના શાસનમાં જળવ્યવસ્થાપનના અભાવે પાણી માટે રમખાણો થતાં, ટેન્કરો અને ટ્રેન દોડાવવા પડતાં, પરંતુ ભાજપની આ સરકારે નર્મદા નીર રાજયની નદીઓમાં પહોંચાડવાનું ઈજનેરી કૌશલ્યથી આ અભિયાન ઉપાડ્યું તેના પરિણામે હવે પાણીની અછત કે પાણી માટે ટેન્કર દોડાવવાની વાત ભૂતકાળ બની ગઈ છે એ વિપક્ષના નેતાએ સમજી લેવું રહ્યું.

પરંતુ ચારેકોરથી પ્રજામાનસમાંથી ફેકાઈ ગયેલી કોંગ્રેસ હાર્યા જુગારી બમણું રમે તેવા દાવપેચથી આ ઉમંગ ઉજવણીમાં પણ રોડાં નાખવાના પેતરા કરે છે તે તેમના નિવેદન પરથી જ જણાઈ આવે છે. તેમ કહેતાં ભાજપ પ્રદેશ પ્રવક્તાએ ઉમેર્યું છે કે, કોંગ્રેસ કે તેના નેતાઓ હવે પોતાની ખાડે ગયેલી પ્રતિષ્ઠા-છાપ ગુજરાતની કે દેશની પ્રજામાં પાછી મેળવી શકવાના નથી જ તે સાનમાં સમજી લે.

## નનૌક વાવાઝોડું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરિયામાં ન જવા અપીલ, વાવાઝોડું જો ગુજરાત-મહારાષ્ટ્ર તરફ ફંટાઈ તો દે ધનાધન વરસાદ પડી શકે છે. ભીષણ ગરમીથી ત્રસ્ત ભારતના લોકો માટે એક મોટા સમાચાર છે. અરબી સમુદ્રમાં લો-પ્રેશર ઉભું થયું છે જેને દરિયાઈ વાવાઝોડાનું સ્વરૂપ લઈ લીધું છે. આ વાવાઝોડાને નાનૌક નામ આપવામાં આવ્યું છે. ગઈકાલ રાતથી પશ્ચિમ ભારતના કિનારાના વિસ્તારો તરફ આગળ વધુ રહ્યું છે. તેના કારણે કર્ણાટક, કેરળ અને લક્ષદ્વિપમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. વાવાઝોડાની અસર કોંકણ, ગોવા તથા દક્ષિણ ગુજરાતના કિનારામાં અસર કરશે. હવામાન ખાતું કહે છે કે, આના કારણે અરબી સમુદ્રમાં ઉંચા મોજા ઉછળશે. હવામાન ખાતાનું કહેવું છે કે બે કે ત્રણ દિવસમાં કોંકણ અને ગોવામાં ચોમાસુ સક્રિય થઈ જશે. જો આ વાવાઝોડુ ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ વળે તો દે ધનાધન વરસાદ પડી શકે છે. દરમિયાન પોરબંદરમાં ચેતવણીનું સિગ્નલ લાગ્યું છે. માછીમારોને દરિયામાં ન જવા અપીલ કરવામાં આવી છે. દરમિયાન અરબી સમુદ્રમાં સર્જાયેલ લો પ્રશર કઈ બાજુ ફંટાઈ તે તરફ સૌની નજર છે અને ધીમે ધીમે ચોમાસાનું આગમન થાય તેવા માહોલ વચ્ચે આજે બપોરે પોરબંદર અને વેરાવળ બંદર ઉપર ૨ નંબરનું સિગ્નલ મુકવામાં આવ્યું છે. અને સાંજે ભારે પવન ફુંકાવાની શક્યતા છે. આજે સવારે વેરાવળ-સોમનાથમાં હળવા છાંટા પડ્યા હતા. જ્યારે પોરબંદર બંદર ઉપર પણ આજે બપોરે ૨ નંબરનું સિગ્નલ મુકવામાં આવ્યું છે અને માછીમારોને દરિયામાં ન જવા ચેતવણી આપવામાં આવી છે. દરમિયાન આજે બપોરે વલસાડમાં ભારે પવન સાથે વાવાઝોડું ત્રાટક્યું હતું.

## ગૃહવિભાગની લાલ આંખ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટર વાહનો, અધ્યક્ષ ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની કોમ્યુનિકેશન વાન, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી અને રાજ્ય ચૂંટણી પંચના કમિશનર ફ્લેશર વિના લાલ લાઈટની સત્તા ધરાવે છે. નિયમ વિરૂદ્ધ કાર પર લાલ લાઈટ લગાવી ફરતા અને રૂઆબ જાડતા અધિકારી અને પદાધિકારી સામે કડક પગલા લેવામાં આવશે. પ્રથમ દિને જ ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં કેટલીય કાર ઉપરથી લાલ લાઈટ ઉતારી લેવાની પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. અને શહેરના ચ-માર્ગ પર જીજે-૧-જી સિવાયની તમામ લાલ લાઈટવાળા વાહન પરથી લાલ લાઈટ ઉતારવાની શરૂઆત કરી દીધી હતી.

**ટૂંકી જાહેર નિવિદા**

**કુશળ / બિનકુશળ કારીગરની સેવા પુરી પાડવા અંગે**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર (સેક્ટર-૨૯, ઘ-૭) ખાતે ટેકનીકલ કુશળ કર્મચારીઓ ૧૦ (મશીન અને આસી. બાઈન્ડર)ની અને ૦૫ બિનકુશળ કર્મચારીઓ એક માસ માટે પૂરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી ઠરાવેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન તા. ૨૦/૬/૨૦૧૪ સુધીમાં અરજી સાથે રૂ. ૫૦૦/- (પરત નહી ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,
ગાંધીનગર

માહિતી/૩૨૩/૧૪-૧૫

**જાહેર નિવિદા**

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપયોગ સારૂ સંબંધિત વેપારીઓ પાસેથી સને ૨૦૧૪-૨૦૧૫ના નાણાંકીય વર્ષ માટે (૧) છાપકામ માટે અંદાજિત રૂ. ૬,૫૦,૦૦૦/- થી વધુ માટે (૨) સ્ટેશનરી આઈટમો અંદાજિત રૂ. ૩,૫૦,૦૦૦/-ની ખરીદી માટે સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- હિસાબી શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગરમાં રૂબરૂમાં જમા કરાવેથી ટેન્ડર મળી શકશે, જે નોન રીફંડેબલ રહેશે, ટેન્ડર જે ઈજારદાર પાન/સેલટેક્ષ નંબર ધરાવતા હશે તેને જ ઈસ્યુ કરવામાં આવશે.

(૧) છાપકામના ટેન્ડર માટે બાનાની રકમ રૂ. ૧૨,૫૦૦/-